# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-01-2025** **Morning : 7.10 to 7.20 am**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. સંગીતના તાલે વહેલી સવારથી જ પતંગ રસિયાઓની અમદાવાદ સહિત રાજ્યભરમાં ઉત્તરાયણની ઉત્સાહપૂર્વકની ઉજવણી
2. છેલ્લી ઘડીની ખરીદી કરવા રાજ્યભરના શહેરો નગરોમાં મોડીરાત સુધી પતંગ બજારોમાં ભારે ભીડ
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઘાટલોડિયામાં પોલીસ આવાસો અને સ્ટેશનનું ખાતમુહુર્ત કરશે.
4. આજથી રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી
5. આવતીકાલે યોજાનારી યુજીસી-નેટની પરીક્ષા મુલતવી રખાઇ. પરીક્ષાની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે

------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Uttarayan

સમગ્ર રાજ્યમાં આજે ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિ પર્વની ઉજવણી થઇ રહી છે. હવામાન વિભાગે આજે સારો પવન ફૂંકાવાની આગાહી કરતાં પતંગ રસિયાઓ મોજમાં આવી ગયા છે. 15થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ગઈકાલે અમદાવાદના રાયપુર, કાલુપુર, દિલ્હી દરવાજા સહિતના મોટા ભાગના બજારોમાં પતંગ રસિયાઓ મોડી રાત સુધી પતંગો ખરીદી રહ્યા હતા. તો યુવાનો ઉત્તરાયણના તહેવારને માણવા આતુર જોવા મળી રહ્યા છે. આ વર્ષે અવનવી અને રંગબેરંગી પતંગ આકર્ષણનું કેન્દ્ર બની છે.

આ અંગે સાંભળીએ અમારો ખાસ અહેવાલ....

(V.O, કરણ પરમાર)

. . . . . . . . . . . . .

# PATANG KHARIDI

આજે વહેલી સવારથી જ ઉત્તરાયણનું પર્વ મનાવવામાં  આવી રહ્યું છે. પતંગ રસિયાઓ અગાસી, ધાબાઓ પર ચઢીને પતંગનો આનંદ માણી રહ્યાં છે., જોકે ગઇકાલે મોડીરાત સુધી પતંગની ખરીદી રાજ્યભરમાં ચાલી હતી.. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત જેવા શહેરો અને નાના મોટા નગરોમાં પણ

પતંગના શોખીનોએ મોડી રાત સુધી પતંગની ખરીદી કરી હતી અને દોરીને રંગાવી હતી જેને કારણે આખી રાત પતંગ બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી..

અમારા પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે પતંગમાં 30 ટકા ભાવ વધારો થયો છે છતા પણ લોકોએ પતંગ અને દોરીની ધૂમ ખીરીદી કરી હતી..

ઉત્તરાયણનું પર્વ આવી પહોંચતાં પાટણ સહિત સમગ્ર જિલ્લામાં વાતાવરણ પતંગમય બની જવા પામ્યું છે.

અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે પતંગોત્સવની પૂર્વ સંધ્યાએ પાટણ શહેરમાં પતંગ દોરી ફિરકી અને અન્ય વસ્તુઓ લેવા માટે બજારમાં લોકોની ભારે ભીડ જોવા મળી. ખાસ કરીને પાટણ શહેરના જુનાગંજ બજારમાં તેમજ બગવાડા દરવાજા વિસ્તારમાં પતંગ બજાર ભરાતા મોડી રાત સુધી લોકોની ચહલ પહલથી પતંગ બજારનો ધમધમાટ અને નજારો જામ્યો હતો અને લોકોમાં ઉત્સાહ ઉમંગ જોવા મળ્યો હતો.

. . . . . . . . . . . . .

# AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ  ત્રણ દિવસની રાજ્યની મુલાકાતે ગઇકાલે અમદાવાદ પહોંચ્યા હતા..આજે ઉત્તરાયણ પર્વની તેઓ તેમના મતવિસ્તાર મેમનગર ખાતે પતંગ ઉડાડીને મજા માણશે.. સાથે સાથે આજે તેઓ ઘાટલોડિયા ખાતે પોલીસ આવાસ નિગમ નિર્મિત 902 જેટલા આવાસોનું અને ઘાટલોડિયા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરશે.

આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે તેમના મતવિસ્તાર એવા માણસા, કલોલ અને ધૂમા ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. જ્યારે 16મી જાન્યુઆરીના રોજ તેઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના પ્રવાસે જશે.. જ્યાં તેઓ  અનંત અનાદિ વડનગર કાર્યક્રમ અંતર્ગત વડનગર ખાતે ૨૯૮ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ, ૭૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ પ્રેરણા સંકુલ અને ૩૩ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા  વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરશે.

તેમજ વડનગર ખાતે હેરીટેજ પ્રિન્સિંક્ડ ડેવલોપમેન્ટ સ્કીમ-ફસાડ,  અર્બન રોડ ડેવલોપમેન્ટ તેમજ બ્યુટીફિકેશનના કાર્યોનું અવલોકન અને મુલાકાત પણ કરવાના છે.  તેઓ હાટકેશ્વર મંદિરની મુલાકાત લઈને પૂજા અર્ચના કરશે. તેમજ પ્રેરણા સંકુલના વિદ્યાર્થીઓ અને ગાર્ડીયન સાથે પરિસંવાદ કરશે. આ સાથે ગણપતિ યુનિવર્સિટી ખેરવા ખાતે ૧૮મા  પદવીદાન સમારંભમાં હાજરી આપશે.

. . . . . . . . . . . . .

# TB MUKTA BHARAT ABHIYAN

ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત વડતાલ ધામ સ્વામિનારાયણ મંદિર દ્વારા 1 હજાર પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણ અને કલેકટર અમિત પ્રકાશ યાદવે ટીબીના દર્દીઓને પોષણ કિટનું વિતરણ કર્યું હતું. આગામી એક વર્ષ સુધી 1 હજાર ટીબી દર્દીઓને મંદિર દ્વારા

પોષણ કીટ નિયમિત આપવામાં આવશે.  વધુમાં સાંસદ દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે.....

(બાઈટ- સાંસદ દેવુસિંહ ચૌહાણ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# Governor -Porbandar

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પોરબંદરની મુલાકાતનો આજે બીજો દિવસ છે.. શ્રી દેવવ્રત આજે ગૌશાળાની તેમજ માધવપુર ઘેડ ગામની મુલાકાત લેશે,

તેમજ સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતો સાથે વાર્તાલાપ કરશે. તેઓ ભારતીય નૌકાદળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં પણ સહભાગી બનશે.

અગાઉ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મહાત્મા ગાંધીના જન્મ સ્મારક કીર્તિ મંદિરની તેમજ ગાંધીજીના જન્મ સ્થળ વાળા મકાનની પણ મુલાકાત લીધી હતી, અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાજ્યપાલશ્રીએ ગાંધીજીનો તેમના જીવનમાં કેવો પ્રભાવ છે તેના વિશે ખાસ વાતચીત કરી હતી.

. . . . . . . . . . . . .

## Prani Kalyan Pakhvadiyu

રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આજથી ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધી "પ્રાણી કલ્યાણ પખવાડીયા"ની ઉજવણી શરૂ થઇ છે. આ દરમિયાન રાજ્યભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે તેવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

રાજ્યની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત નાગરિકો દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ તથા તાલીમ શિબિર જેવા પ્રાણી કલ્યાણના વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ દરમિયાન "ઓક્સીટોસીન" ઇંજેક્શનના દુરૂપયોગ બાબતે લોક જાગૃતી કેળવવા નાગરિકોને અનુરોધ કરાશે. જનજાગૃતિને લગતા કાર્યક્રમોનું આયોજન કરીને શાળા, કોલેજ, કન્યા કેળવણી મંડળોમાં વક્તૃત્વ સ્પર્ધાઓ પણ યોજાશે.

જનજાગૃતિ માટે વિવિધ પોસ્ટરો છપાવવા ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ યોજાતી શિબિરો દરમિયાન ગૌવંશ હત્યાના પ્રતિબંધ ધારો અમલમાં છે તેની જનજાગૃતિ કેળવવા માટે પણ પ્રચાર કરાશે.

. . . . . . . . . . . . .

# AMC ANIMAL WELFAIR PROGRAM

અમદાવાદ મહાનગર પાલિકા સંચાલિત પ્રાણી સંગ્રહાલયમાં આજથી પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી થઇ રહી છે.. આજથી 30 જાન્યુઆરી સુધી બાર વર્ષના બાળકોને પ્રાણી સંગ્રહાલયમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.. સોમવાર સિવાય સવારના નવ વાગ્યાથી બાર વાગ્યા સુધી પ્રવેશ અપાશે..

આ પખવાડિયા દરમિયાન પ્રાણીઓ અંગેની બાળકોને વિશેષ જાણકારી આપતા કાર્યક્મો યોજાશે, તેમજ ક્વિઝ, પોસ્ટર્સ સ્પર્ધા તેમજ વિવિધ શૈક્ષણિક રમતોના આયોજન દ્વારા બાળકોને પ્રાણીઓ અને પશુ અંગેની જાગૃતિ કેળવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# NET EXAM - POSTPONED

UGC-NET ડિસેમ્બર 2024 ની પરીક્ષા, જે આવતીકાલે યોજાવાની હતી, તેને મુલતવી રાખવામાં આવી છે.

નવી તારીખ પછીથી જાહેર કરવામાં આવશે. એક નિવેદનમાં, નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે તેમને પોંગલ, મકરસંક્રાંતિ અને અન્ય

તહેવારોને કારણે આવતીકાલે યોજાનારી UGC-NET પરીક્ષા મુલતવી રાખવાની રજૂઆતો મળી છે. એજન્સીએ જણાવ્યું હતું કે 16 જાન્યુઆરીએ યોજાનારી પરીક્ષા અગાઉના નિર્ધારિત સમયપત્રક મુજબ લેવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MEHSANA- KARUNA ABHIYAN

મહેસાણા જિલ્લામાં ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓના જીવ બચાવવા 10 દિવસીય કરૂણા અભિયાન-2025નો પ્રારંભ કરાયો છે.

મકરસંક્રાંતિ પર્વ દરમિયાન એકપણ અબોલ પક્ષીનો જીવ ન જાય તે માટે પશુપાલન વિભાગ, વન વિભાગ દ્વારા ૧૯૬૨ હેલ્પલાઇન સહિતની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લામાં 10 તથા મહેસાણા શહેરમાં 3 સારવાર કેન્દ્રો, તથા કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ તથા જિલ્લાના પશુ ચિકિત્સકો ઉપરાંત કર્મચારીઓ અને સ્વંયસેવકો સહભાગી થયા છે. વધુમાં મદદનીશ પશુ પાલન નિયામક ડો.એસ.આઇ.પટેલ પ્રતિક્રીયા આપી રહ્યા છે....

(Byte- ડો.એસ.આઇ.પટેલ, મદદનીશ પશુ પાલન નિયામક વેટરનરી પોલિકલીનિક લાખવડ)

. . . . . . . . . . . . .

# Chhotaudepur SDF

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અને કલેક્ટર કચેરી, છોટાઉદેપુર દ્વારા ઉત્તરાયણ – ૨૦૨૫ના તહેવાર નિમિત્તે દુર્ઘટનાઓ ટાળવા માટે પતંગ રસીકોને મહત્વના સૂચનો કરવામાં આવ્યા છે.

છોટાઉદેપુર આપત્તિ વ્યવસ્થાપન ધ્રુપેનભાઈ પટેલે જણાવ્યું હતું કે પતંગ રસીયાઓએ પતંગ ઉડાડતા સમયે પ્રાથમિક સારવારની કીટ હાથ વગી રાખવી, માણસો, પશુઓ અને વાહ્નોથી સાવચેત રહેવું, પતંગ ચગાવવાના ધાબાની પાળીની ઉંચાઈ પૂરતી છે કે કેમ તેની ખાત્રી કરી લેવી, માથા ઉપરથી પસાર થતા વીજળીના તારથી દૂર રહેવું, સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ ગાળામાં પક્ષીઓ ગગનમાં વધુ પ્રમાણમાં વિહરતા હોવાથી આ સમયે પતંગ ચગાવવાનું ટાળી પક્ષીઓનું જીવન બચાવવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .